જા.ક્ર.RMSA/વોકેશનલ/૨૦૨૬/ 4422

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૯/૦૬/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ક્રમશઃ ધોરણ-૧૧ અને ૧૨(ઉ,બુ. પ્રવાહ)ના વિષય માળખામાં ગ્રામયંત્રવિદ્યા, વસ્ત્રવિદ્યા અને વન ઔષધી વિષયો રદ કરવા બાબતના તા.૨૦/૦૬/૨૦૨૬ પત્રાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૧૮૫-૨૨૨૦ના પત્રની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૧૪૧ - ૨૨૯૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૦/૦૬/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ક્રમશઃ ધોરણ-૧૧ અને ૧૨ (ઉ.બુ.પ્રવાહ)ના વિષય માળખામાં ગ્રામયંત્રવિદ્યા, વસ્ત્રવિદ્યા, વનવિદ્યા અને વન ઔષધિ વિષયો રદ કરવા બાબત

સંદર્ભ:- (૧) બોર્ડની તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૦૪/૨૦૨૬
(૨) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૧૭૫૯-૬૦, તા.૨૬/૦૫/૨૦૨૬
(3) શિક્ષણ વિભાગનો તા.૨૦.૦૬.૨૦૨૬ નો પત્રક્રમાંક: ED/MIR/e-file/3/2026/3179/CHH

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખામાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ થી ધોરણ-૯(ઉ.બુ.પ્રવાહ) અને શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ થી ધોરણ-૧૦(ઉ.બુ.પ્રવાહ)માં ગ્રામયંત્રવિદ્યા, વસ્ત્રવિદ્યા, વનવિદ્યા અને વન ઔષધિ વિષયો રદ કરેલ છે. તે જ રીતે ઉત્તર બુનિયાદી પ્રવાહના વિષય માળખામાં સાતત્ય જળવાય તે હેતુથી ધોરણ-૧૧ અને ૧૨ (ઉ.બુ.પ્રવાહ)ના વિષય માળખામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી ધોરણ-૧૧માં તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ થી ધોરણ-૧૨માં ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના વિષય માળખામાંથી ગ્રામયંત્રવિદ્યા, વસ્ત્રવિદ્યા, વનવિદ્યા અને વન ઔષધિ વિષયો રદ કરવા અંગે સંદર્ભ-(૧) થી શૈક્ષણિક સમિતિમાં કરવામાં આવેલ નિર્ણય અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૨) દર્શિત પત્રથી સદર બાબતે સરકારશ્રીની મંજૂરી મેળવવા માટે શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે સંદર્ભ-(3) દર્શિત શિક્ષણ વિભાગના પત્રથી સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

ઉક્ત વિગતે શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭ થી ધોરણ-૧૧માં તેમજ શૈક્ષણિક વર્ષ-૨૦૨૭-૨૮ થી ધોરણ-૧૨માં ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના વિષય માળખામાંથી ગ્રામયંત્રવિદ્યા, વસ્ત્રવિદ્યા, વનવિદ્યા અને વન ઔષધિ વિષયો રદ કરવામાં આવે છે. ઉક્ત વિગત આપના તાબા હેઠળની તમામ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહની શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના:-

- નાયબ નિયામકશ્રી પરીક્ષા (ધોરણ-૧૨ સા.પ્ર), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.